પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૫૯, કુલ પાના:૪, તારીખ: ૨૯-૧૦-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 59 PRICE :-RS. 1.50 DATE : 29-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### અંબાણી બંધુઓની ઝેડ પ્લસ સિક્યોરિટી હટાવી લેવાની માંગ સુપ્રિમે ફગાવી

# પૈસાદાર લોકો પોતાની સુરક્ષાનો ખર્ચ પોતે જ ઉઠાવે: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,

દેશના સૌથી શ્રીમંત ઉદ્યોગપતિ મૂકેશ અંબાણી અને એના ભાઈ અનિલ અંબાણીને સરકાર દ્વારા અપાયેલી ઝેડ સિક્યોરિટીને પડકારતી એક અરજી સુપ્રીમ કોર્ટ ફગાવી દીધી હતી. જો કે કોર્ટે મુંબઇ હાઈકોર્ટના એ અભિપ્રાયને બહાલ રાખ્યો હતો કે શ્રીમંતોએ પોતાની સિક્યોરિટીનો ખર્ચ પોતે ઉપાડી લેવો જોઈએ.



૨૦૧૩માં મનમોહન સિંઘની સરકારે અંબાણી ભાઈઓને ઝેટ પ્લસ સિક્યોરિટી આપી ત્યારે એ નિર્ણયને મુંબઈ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. અરજદારની દલીલ એવી હતી કે આ ભાઈઓ પોતાની સિક્યોરિટીનો ખર્ચ પોતે ઉપાડી શકે એટલા સમૃદ્ધ છે. હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. જો કે હાઈકોર્ટે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે દેશના અર્થતંત્રમાં માતબર પ્રદાન કરતા આ ભાઈઓના જાનને જોખમ હોય તો એ મુદ્દાને હળવાશથી લઈ શકાય નહીં. કોને કેટલી અને કેવી સિક્યોરિટી આપવી એ નક્કી કરવાનું કામ સરકાનું છે, કોર્ટનું નથી.

અંબાણી પરિવાર તરફથી કોર્ટમાં હાજર રહેલા ધારાશાસ્ત્રી મુકુલ રોહતગીએ કોર્ટને જણાવ્યું હતું કે મારા અસીલો અને તેમના પરિવાર પર જાનનું જોખમ હોવાથી સિક્યોરિટી લેવી પડી છે. પરંતુ આ સિક્યોરિટીનો ખર્ચ અંબાણી પરિવાર પોતે ઉપાડે છે, પ્રજાના પૈસા આ સિક્યોરિટી લીધી નથી. એ દલીલ સ્વીકારતાં હાઈકોર્ટે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે જે વ્યક્તિ પોતાની સિક્યોરિટીનો ખર્ચ આપવા તૈયાર હોય એને સરકાર આવી સિક્યોરિટી આપી શકે છે. જેમના જીવ પર જોખમ છે એમને સરકાર પાસે સિક્યોરિટી માગવાનો અધિકાર છે.

૨૦૧૩માં મનમોહન સરકારે મૂકેશ અંબાણીને ઝેટ પ્લસ સિક્યોરિટી આપી ત્યારે એ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સરકાર પાસે આ મુદ્દે જવાબ માગ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આવા શ્રીમંતો પોતાના પૈસે સિક્યોરિટી લઈ શકે છે. આમ આદમી જ્યારે પોતાને અસુરક્ષિત માનતો હોય ત્યારે આવા શ્રીમંતોને પ્રજાના પૈસે સિક્યોરિટી શા માટે આપવી જોઈએ.

## બિહાર વિધાનસભા ચૂંટણી: ૭૧ બેઠકો પર પ્રથમ તબક્કામાં ૫૨% થી વધુ મતદાન

બિહાર,

બિહાર વિધાનસભા ચૂંટણી મહાસંગ્રામનું પહેલા તબક્કાનું મતદાન પૂર્ણ થયું. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં કુલ ૭૧ બેઠકો પર મતદાન થયું. સવારથી જ મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી. કેટલાંક સ્થળો પર ઈવીએમ અને વીવીપેટ મશીનો ખરાબ થયાના સમાચાર આવ્યા હતા. પરંતુ, બાદમાં ફરીથી મતદાન શરૂ કરવામાં આવ્યું હતું અને ઝડપથી મતદાન થયું હતું. છેલ્લે મળતી માહિતી



મુજબ ૫ વાગ્યા સુધીમાં કુલ ૫૨.૨૪ % મતદાન થયું હતું.

પ્રથમ તબક્કા માટે કુલ ૧૦૬ ઉમેદવારો મેદાનમાં કોરોના સંકટ વચ્ચે મતદાન માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. પીએમ મોદી, તેજસ્વી યાદવ અને મુખ્યમંત્રી નીતીશકુમારે લોકોને સાવધાની રાખીને મતદાન કરવાની અપીલ કરી હતી. પહેલા તબક્કા માટે કુલ ૧૦૬૬ ઉમેદવારો મેદાનમાં છે અને કલ ૨.૧૪ કરોડથી વધુ મતદારો તેમનું ભાવિ નક્કી કરશે.

બિહારમાં બપોરે ૩ વાગ્યા સુધીમાં ૪૬.૨૯% મતદાન નોંધાયું હતું. બક્સરમાં ૫૧.૪૦ % મતદાન નોંધાયું હતું. જ્યારે પટનામાં ૪૫.૭૭% મતદાન નોંધાયું હતું.

બિહારમાં સાંજે ૫ વાગ્યા સુધી ૫૦% થી વધુ મતદાન થઇ ચૂક્યું છે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ અત્યારસુધીમાં કુલ ૫૨.૨૪% મતદાન નોંધાયું છે.

## કાલાવડ પંથકમાં સગીરા પર ગંજી ગેંગના ચાર સભ્યોએ આચર્યું સામુહિક દુષ્કર્મ

જામનગર,

જામનગર જિલ્લામાં ગેંગરેપની બે ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ કાલાવડ પંથકમાં ત્રીજી ગેંગરેપની ઘટના સામે આવતા હાહાકાર મચી ગયો છે. અહીં એક આદિવાસી સગીરા પર ચાર લોકોએ દુષ્કર્મ આચર્યું છે. ૨૧ સપ્ટેમ્બરના રોજ એક સગીર સહિત ચાર લોકોએ સગીરા પર વારફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ તમામ સખ્સો ગંજી ગેંગના સભ્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. પોલીસે આ કેસમાં ચારેય આરોપીની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી પ્રમાણે કાલાવડ તાલુકાના પીપર ગામ ખાતે એક સગીરા પર ચાર નરાધમોએ વારાફરથી સામુહિક દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે સગીરા કાલાવડના પીપર ગામ ખાતેની એક વાડીમાં પરિવાર સાથે રહે છે. પરિવાર મૂળ મધ્ય પ્રદેશનો છે, જે અહીં રહીને મજૂરીકામ કરે છે.



૨૦મી ઓક્ટોબરના રોજ શ્રમિક પરિવારની ૧૪ વર્ષની દીકરી વાડીના મકાનમાં એકલી ઊંઘી રહી હતી તે દરમિયાન રાત્રે દારૂના નશામાં ચકચૂર બનેલા મધ્યપ્રદેશના જ વતની એવા ગંજી ગેંગના ચાર સભ્યોએ તેણીને પોતાની હવસનો શિકાર બનાવી લીધી હતી. આરોપીઓમાં એક શખ્સ સગીર વયનો છે. ચારેય નરાધમોએ સગીરાની એકલતાનો લાભ લઈને તેણીના મોઢે ડૂચો દઈને વારાફરથી ગેંગરેપ કર્યો હતો. ગેંગરેપ બાદ ચારેય ભાગી ગયા હતા. આ મામલે સગીરાએ પોતાના માતાપિતાને જાણ કરતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ચારેય આરોપી સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. પોલીસે આ ગુનામાં ગંજી ગેંગના ચાર સભ્યોની ધરપકડ કરી હતી.

જેમાં મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના ચોખલી ગામના વતની દિનેશ કેરમસિંગ કટારીયા, પનેરી ગામના હી-મેન ચેતનસિંગ બગેલ આદિવાસી, બળીજીરા ગામ જોબટ તાલુકાના વતની સુનિલ ગુલાબસિંગ અજનાર આદિવાસીનો સમાવેશ થાય છે. તમામ સામે આઈપીસી કલમ ૩૭૬ (ડી)(એ), ૫૦૬-૨ તથા પોક્સો એક્ટની કલમ ૪-૮ મુજબ ગેંગરેપનો ગુનો નોંધવામાં આવ્યો છે. અટકાયત બાદ તમામનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યા બાદ પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી. આ કેસમાં સંડોવાયેલા ૧૬ વર્ષના સગીરની પણ પોલીસે અટકાયત કરીને તેને બાળ અદાલતમાં રજૂ કરવાની કાર્યવાહી કરી હતી.

## ૩૦ નવેમ્બર સુધી નહીં ઉડે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો: DGCAની જાહેરાત

ન્યુ દિલ્હી,

નાગરિક ઉડ્ડયન નિયામક (DGCA)એ ભારતમાં આંતરરાષ્ટ્રીય કર્મિશિયલ પેસેન્જર ઉડાન સેવા પર લગાવેલો પ્રતિબંધ ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી લંબાવી દીધો છે. જો કે, આ પ્રતિબંધ આંતરરાષ્ટ્રીય કાર્ગો ઑપરેશન અને તમામ સ્પેશિયલ ફ્લાઈટ્સ, જેને ડીજીસીએની ઉડાન માટે મંજૂરી મળી છે. તેના પર લાગુ નહીં પડે.

ડીજીસીએએ કોરોના વાયરસના કારણે એક પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં તેમણે કહ્યું કે "૨૬-૬-૨૦૨૦ના સર્કુલરમાં થોડો ફેરફાર કરતા આંતરરાષ્ટ્રીય કમર્શિયલ પેસેન્જર ઉડાન સેવાઓની સમયગાળાને ૩૦ નવેમ્બર રાતે ૧૨ વાગ્યા સુધી લંબાવી દેવામાં આવ્યું છે."

ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારીના કારણે ભારતમાં ૨૩ માર્ચથી જ આંતરરાષ્ટ્રીય કમર્શિયલ ઉડાનો પર પ્રતિબંધ લાગેલો છે. લોકડાઉનના કારણે દેશમાં ડોમેસ્ટિક વિમાનોના ઉડાન પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. જો કે ઘરેલુ ઉડાન સેવાઓને ૩૫ મેથી શરુ કરી દેવામાં આવી છે.

## સરકારે યુનિટદીઢ વીજદરમાં ઘટાડો કર્યો: ૩૫૬ કરોડની બચત થવાનો અંદાજ

ગાંધીનગર,

ગુજરાત સરકારે રાજ્યના વીજ વપરાશકારોને સુખદ આંચકો આપ્યો છે. આ વખતે રાજ્યની રૂપાણી સરકારે ઉદ્યોગજગતને રાહત આપતા સમાચાર આપ્યા છે. જ્યાં સરકારે હવે યુનિટદીઠ વીજદરમાં ઘટાડો કર્યો છે. આ અંગે અગાઉ મોરબીના ઉદ્યોગકારોએ વીજઘટાડાની માગ સરકાર સામે રાખી હતી, જેને ધ્યાને રાખી સરકારે આજે મહત્વની જાહેરાત કરી છે.

રાજ્યના ઉર્જા મંત્રી સૌરભમંત્રીએ આ અંગે જાહેરાત કરતા રાજ્યમાં હવે વીજદરમાં યુનિટદીઠ ૧૯ પૈસાનો ઘટાડો કર્યો છે. સાથે ફ્યુઅલ સરચાર્જમાં પણ ઘટાડો કર્યો છે. જે અંતર્ગત હવે ૩ માસ માટે વીજળીનાં દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઘટાડાનો લાભ રાજ્યના ૧.૪૦ કરોડ ગ્રાહકોને થશે, જેનાથી કુલ ૩૫૬ કરોડનો ફાયદો થવાની શક્યતાઓ વર્તાઈ રહી છે.

રાજ્ય સરકારે કરેલા ભાવ ઘટાડા બાદ હવે ૧.૮૧ પૈસા પ્રતિ યુનિટ ભાવ હવે થયો છે. આપને જણાવી દઈએ કે, રાજ્યમાં કોલસા અને ગેસના ભાવ ઘટતા આ ઘટાડો કર્યો હોવાનું પણ એક કારણ સામે આવ્યુ છે. જો કે, વાત ગમે તે હોય પણ હાલ તો ઉદ્યોગ જગત માટે થોડી રાહત થાય તે સમાચાર આવ્યા છે.

## સરકારે RTE અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફીમાં પણ ૨૫ ટકાનો કાપ કર્યો

ગાંધીનગર,

સરકારે આરટીઈ અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફીમાં પણ ૨૫ ટકાનો કાપ કર્યો છે. ત્યારે સરકારના આ નિર્ણય સામે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે વિરોધ દર્શાવ્યો છે. આરટીઈના વિદ્યાર્થીઓની ફી રાજ્ય સરકાર ભરતી હોય છે. પરંતુ હવે કાપ મુક્યા બાદ સરકાર સંપૂર્ણ ફી ખાનગી શાળાઓને નહીં ચૂકવે.

વિદ્યાર્થીઓની ફીમાં ૨૫ ટકા કાપ મુકી શાળાઓને ચુકવણી કરાશે. સરકારે કોવિડની ગાઈડલાઈન અંતર્ગત ખાનગી શાળાઓ પર આ નિર્ણય થોપી ઠરાવ બહાર પાડ્યો છે. જેની સામે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે વિરોધ દર્શાવ્યો છે.


## હાર્દિક શ્રદ્ધાંજલિ

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે, ક્યાં ખબર હતી,
ક્ષણવારમાં અંધકાર છવાઈ ગયો, વિદાય એવી લીધી કે મન હજી માનતુ નથી, કે
તમે અમારી વચ્ચે નથી, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...



### સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ

જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦

| | | | | |
|---|---|---|---|---|
| નિકુંજભાઈ પટેલ | નામદેવભાઈ પાટીલ | શાર્દુલભાઈ ગજ્જર | અશોકભાઈ નાથાણી | હેમંતભાઈ સુથાર |
| વિવેકભાઈ સુથાર | કેયુરભાઈ જાની | રમેશભાઈ તલાટી | પંકજભાઈ યાદવ | વસીમભાઈ મામજી |
| હર્ષદભાઈ મહેરા | વિવેકભાઈ ત્રિવેદી | સુમેશભાઈ શાહ | ગીરીશભાઈ શાહ | મોહસીનભાઈ દાલ |
| રાજેશભાઈ જોષી | સુરેશભાઈ સોની | મનોજભાઈ મારવાડી | સુનિલભાઈ ચૌહાણ | ઈમરાનભાઈ તેતરા |
| પ્રતિકભાઈ સોની | ટોનુભાઈ પાંડે | મયુરભાઈ મારવાડી | ઈસ્માઈલ ઝભા | ખાલીદભાઈ બુઢ્ઢા |
| સંજયભાઈ સંગાડા | રાહુલભાઈ ભવસાર | રાજેશભાઈ સોલંકી | મહેબુબભાઈ બિદાની | આમીરભાઈ ભગત |
| રવિભાઈ શાહ | ભાવીન પરમાર | મહેશભાઈ સુંદરાણી | ઈસ્હાકભાઈ બોકડા | અનસભાઈ દાવલા |
| કંન્દ્રપભાઈ પંડ્યા | મહેન્દ્રભાઈ દરજી | જીતુભાઈ ભાગવાની | હબીબભાઈ પ્રેસવાલા | ઈરફાનભાઈ જરગાલ |
| દક્ષેશભાઈ શાહ | ઈકબાલભાઈ શેખ | પ્રદિપભાઈ સોની | રમજાનીભાઈ મીઠા | સીરાજભાઈ જરગાલ |
| હનિફભાઈ ભગત | ઉવેશભાઈ શેખ | મનુભાઈ ખરાદી | સાજીદભાઈ શેખ | સાજીદ મલેક |
| જયેન્દ્રભાઈ ભોઈ | મોઈનભાઈ શેખ | ધનરાજભાઈ વસંતાણી | કાસમભાઈ આલમ | કૌશિક જોષી |

પંચમહાલ, દાહોદ અને મહિસાગર જીલ્લાના તમામ પત્રકાર મિત્રો દ્વારા શ્રદ્ધાંજલી....



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી રળીયાતી કસ્બા ગ્રા.સ.મં.લી.

દાહોદ જનતા કોલોની, ગોધરા રોડ, દાહોદ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પંચાલ ઘનશ્યામ કાળીદાસ

હનુમાન બજાર, દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં આજે ૩ પોઝિટિવ કેસ :

# જિલ્લામાં કોરોના ના કુલ ૧૨૬૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮-૧૦-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૬૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાસમાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લા માં અત્યાર સુધીમાં કુલ ૧૧૮૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૬૯૦૩૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૮ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૬ દર્દી ડીસ્ટ્રીમકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૧ દર્દી હોમ આઇસોલેશન, ૦૧ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગર ડિસ્ટ્રીક કોર્ટ ખાતે લુણાવાડાની મેડીકલ ટીમ દ્વારા જજીસ અને કર્મચારીઓના ૧૦૦ રેપીડ એન્ટીજન ટેસ્ટીંગ કરાયું


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી જિલ્લા ડિસ્ટ્રીક કોર્ટ લુણાવાડા ખાતે ઇન્ચાર્જ પ્રિન્સીપલ ડિસ્ટ્રીક જજ પી.એ.પટેલના સીધા માર્ગદર્શન હેઠળ અર્બન હેલ્થ સેન્ટરર લુણાવાડાના મેડીકલ ઓફિસર કલ્પેશ સુથાર અને તેમની આરોગ્ય ટીમ દ્વારા જજીસ અને કર્મચારીઓ તથા વકીલોના ૧૦૦ જેટલા રેપીડ એન્ટીજન ટેસ્ટો કરવામાં આવ્યાન હતા. જેમાંથી ૯૯ કેસ નેગેટીવ અને ૦૧ કેસ પોઝીટીવ આવ્યોન હતો. વધુ સારવાર અર્થે લુણાવાડા કોવિડ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવેલ છે. તેમજ તંત્ર દ્વારા જિલ્લા ડિસ્ટ્રીક કોર્ટમાં સેનીટાઇઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

આમ, જિલ્લાકના આરોગ્યો તંત્રના તમામ આરોગ્યહ કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને સોશિયલ ડિસ્ટતન્સીંગગ, માસ્કાની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે તેમજ માસ્કા પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટ્ન્સીંગનું પાલન કરવા સમજાવવામાં આવી રહ્યા છે.

## જૂનાગઢ ગિરનાર રોપ-વેની ટિકીટનો ભાવ ઘટાડી રૂ. ૭૦૦ કરાયો



જૂનાગઢ,
જૂનાગઢ રોપ-વે ની ટીકીટના ઊંચા દરને લઈને જૂનાગઢ શહેરમાંથી ઉઠેલા વિરોધ વંટોળથી આજે ઉષા બ્રેકો કંપનીએ નવી જાહેરાત કરી હતી, પરંતુ તે પણ જાણે લોલીપોપ સમાન હોય તેવું લાગી રહ્યું છે. ગિરનાર રોપ-વેની ટિકીટના દર નક્કી કરાયા છે. જેમાં રોપ વે બનાવના ઉષા બ્રેકોએ ભાવ ઘટાડ્યો છે, પરંતુ જીએસટીનો ઉમેરો કર્યો છે. જેથી જીએસટી સાથે રૂ.૭૦૦નો ભાવ નક્કી કરાયો છે. બાળકોની ટિકિટનો દર જીએસટી સાથે રૂ.૩૦૦નો થાય છે. એક પુખ્ત વ્યક્તિને રોપ-વેમાં બેસવા માટે રૂપિયા ૭૦૦ની સાથે ૧૮% અલગથી જીએસટી લેવાતું હતું. હવે નવા ભાવ ૭૦૦ રૂપિયા જીએસટી સાથે લેવાશે. બાળકોની ટિકિટમાં પણ જીએસટી ઉમેર્યુ છે. બાળકોની ટિકિટનો જુના ભાવ ૩૦૦ + જીએસટી લેવાતા હતા. હવે નવા ભાવ માત્ર ૩૦૦ રૂપિયા જીએસટી સાથે લેવાશે. ટિકિટના દરને લઈને વિરોધ ઉઠતા આ નિર્ણય લેવાયો છે.

તમને જણાવીએ કે સાપુતારા, અંબાજી, પાવાગઢ કરતા ગિરનાર રોપ વે ની સફર સૌથી મોંઘી છે. કંપનીએ જાહેર કર્યા મુજબ હવેથી પુખ્તવયના મુલાકાતીઓએ તેમના આવવા-જવાના ભાડા પેટે ૧૮ ટકા જીએસટી સાથે ૭૦૦ રૂપિયા અને બાળકોના ૩૫૦ ચૂકવવાના રહેશે, જયારે એક તરફની મુસાફી માટે જીએસટી સાથે ૪૦૦ રૂપિયા નક્કી કર્યા છે, પરંતુ આ ભાવ અને લોકાર્પણથી આજે ત્રણ દિવસ સુધી લેવાયેલા ભાવમાં માત્ર ૮ રૂપિયાનો જ ફયદો જોવા મળ્યો છે. પહેલા પુખ્ય વયના લોકોની ૭૦૮ અને બાળકોના ૩૫૪ ટીકીટ લેવામાં આવતી હતી, હવે તેમાં માત્ર ૮ રૂપિયા અને ૪ રૂપિયાનો ઘટાડો જાહેર કરીને લોકોને ભરમાવાની વાત કરી રહ્યાનું જોવા મળી રહ્યું છે. અંતે રવિવારે જયારે લોકો માટે રોપ વે ખુલ્લો મુકવામાં આવ્યો તે દિવસે ટીકીટ બારીએ લોકોને માલુમ પડયું કે એક વ્યક્તિના ૭૦૮ અને ૨૧ દિવસ પછી ૮૨૬ રૂપિયા ભાવ નક્કી કરવામાં આવ્યા છે. છેક સુધી સરકાર અને એજન્સી એકબીજા પર ખો આપતી જોવા મળી હતી.

જૂનાગઢના મેયર ધીરુભાઈ ગોહેલએ આજે મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરતા જણાવ્યું છે કે, રોપ વે ની ટીકીટના ભાવ ઊંચા હોવાના કારણે અનેક લોકો ભવનાથ સુધી જાય તો છે પરંતુ ભાવ સાંભળીને પરત ફરે છે, તો ટીકીટના દર ઘટાડવા લોકોની લાગણીઅને માંગણી છે, આ અંગે કંપની સાથે પરામર્શ કરી ટીકીટના દર વ્યક્તિ દીઠ ૪૦૦ રૂપિયા આસપાસ રહે તેવી માંગણી કરી છે. ગુજરાતમાં બનેલા રોપ વે ની વાત કરીએ તો ડાંગ જિલ્લામાં સાપુતારામાં બનેલા રોપ વે ની સફર માટે વયસ્ક પ્રવાસીના ભાવ ૬૨ રૂપિયા છે, તો ૧૯૮૬ માં પંચમહાલ જિલ્લામાં પાવાગઢમાં ડુંગર પર માં મહાકાળીના દર્શન માટે બનેલ રોપ વે ના ભાવ ૧૪૧ છે, તો ૧૯૯૮ માં અંબાજીમાં માં અંબાજીના દર્શન માટે બનેલ રોપ વે ના ભાવ ૧૧૮ છે, જયારે ગિરનાર પર માં અંબાના દર્શન માટે રોપ વે નો ભાવ હાલ ૭૦૮ અને ૨૧ દિવસ પછી ૮૨૬ થનાર છે. પાવાગઢ રોપ વે ની લંબાઈ ૭૬૩ મીટર, અંબાજી રોપ વે ૩૬૩ મીટર અને ગિરનાર રોપ વે ૨૩૨૦ મીટર લાંબો છે, જેમાં લંબાઈ વધારે તેમ તેના ભાવ પણ ૭ ગણા વસુલવામાં આવી રહ્યા છે. આને લઈને રાજ્ય સરકારે ભાવ નક્કી કરવા માટે દરમિયાનગીરી કરે તેવી લોકોની માંગ ઉઠી છે.

### ૨૪ કલાકમાં કોરોનાના ૪૩,૮૯૩ નવા કેસ, વધુ ૫૦૮ના મોત

# કોરોનાનો ખૌફ આઠમાં મહિને યથાવત, કુલ કેસો ૮૦ લાખની નજીક



ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાઈસ સંક્રમણ ફેલાવવાની ગતિ હવે ધીમી થતી જોવા મળી રહી છે. દેશમાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦ હજારથી ઓછા કોરોના કેસ સામે આવી રહ્યાં છે. જે એક રીતે રાહતની વાત છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના અંદાજે ૪૪ હજાર નવા કેસ સામે આવ્યાં છે. જે મંગળવારે સામે આવેલા પોઝિટિવ કેસની સરખામણીમાં ૫ થી ૬ હજાર જેટલા અધિક છે.

ભારતમાં ગત એક દિવસમાં કોરોનાના ૪૩,૮૯૩ નવા કેસ સામે આવ્યાં છે. આ નવા કેસ ઉમેરાવા સાથે જ કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૭૯,૯૦,૩૨૨ પર પહોંચી ગઈ છે. જ્યારે આ દરમિયાન ૫૦૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમ દેશમાં જીવલેણ કોરોના વાઈરસ કુલ ૧,૨૦,૦૧૦ લોકોને ભરખી ચૂક્યો છે.

જો કે સારી વાત છે કે, એક્ટિવ કેસોની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ગત ૨૪ કલાકમાં એક્ટિવ કેસોની સંખ્યામાં ૧૫,૦૫૪ ઘટાડો થયો છે. જેનાથી અત્યારે દેશમાં કુલ ૬,૧૦,૮૦૮ એક્ટિવ કેસ બચ્યાં છે. આ પ્રકારે છેલ્લા ૨૪ કલાકમાં ૫૮,૪૩૯ લોકો સ્વસ્થ થઈ ચૂક્યાં છે. આમ અત્યાર સુધી કુલ ૭૨,૫૯,૫૦૯ લોકોએ કોરોનાને માત આપી છે.

જો દેશમાં કોરોના ટેસ્ટિંગની વાત કરીએ તો, ભારતમાં ૨૭ ઓક્ટોબર સુધી ટેસ્ટિંગનો આંકડો ૧૦,૫૪,૮૭,૬૮૦ પર પહોંચી ચૂક્યો છે. જેમાંથી ગઈકાલે ૧૦,૬૦,૭૮૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે દેશમાં દિન-પ્રતિદિન ટેસ્ટિંગની ઝૂંબેશમાં ૨૪ સપ્ટેમ્બરે એક જ જિવસમાં સૌથી વધુ ૧૪,૯૨,૪૦૯ સેમ્પલોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

## કડાણાના સંઘરી પંચાયતમાં સરપંચ-તલાટી અને SO ની સાંઠગાંઠથી વિકાસલક્ષી કામોમાં ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો આક્ષેપ

દિવડાકોલોની,
કડાણા સંઘરી પંચાયતમાં વ્યાપક પ્રમણમાં ભ્રષ્ટાચાર આચરતા સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ થતાં સરપંચ-તલાટી દ્વારા બાંધકામ શાખાના એસ.ઓ.સાથે સાંઠગાંઠ રાખી લાખો રૂપિયાના રસ્તાઓ રાતોરાત બનાવી દેવામાં આવતા પુનઃ મોટાપાયે ભ્રષ્ટાચાર થતા ગ્રામજનો દ્વારા સરપંચ-તલાટી તેમજ એસ.ઓ. દ્વારા કરવામાં આવેલા વિવિધ વિકાસલક્ષી કામોમાં થયેલ ગેરવહીવટ અંગે તપાસની માંગ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મહિસાગરના કડાણા તાલુકા પંચાયત હસ્તક આવેલ સંઘરી ગ્રામ પંચાયતમાં સરપંચ તથા તલાટી દ્વારા તાલુકા પંચાયતના બાંધકામ શાખાના અ.મ.ઈ. (પટેલ)અને એસ.ઓ. (અચ્યુબભાઈ)સાથે મિલીભગત રાખી પંચાયતમાં પ્રજાને મળતી સુવિધાઓના કામોમાં ગેરરિતી આચરી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનુ સભ્યો તેમજ ગ્રામજનો દ્વારા બહાર પાડવામાં આવી રહ્યુ છે. જેમાં બાંધકામ શાખાના એસ.ઓ.દ્વારા કોઈપણ પ્રકારની સ્થળ ચકાસણી કર્યા વગર કામો મંજુર કરી કામનુ નિરીક્ષણ કર્યા વગર ગામમાં થતાં વિકાસના કામોમાં બિલો ચુકવી પોતાની ટકાવારી મેળવી સરપંચ અને તલાટી સાથે સાંઠગાંઠ રાખી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાના આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે, સંઘરી પંચાયતના પાણીયા ચમાર ફળિયા, સંઘરી ચમાર ફળિયા તેમજ મઠ(સાદનીચા)માતાના મંદિર સુધીના રસ્તાના માટી મેટલનુ કામ કર્યા વગર આ રસ્તાઓ ઉપર માત્ર પ્લાસ્ટર કરી દેવામાં આવ્યુ છે. તદ્ઉપરાંત પંચાયતમાં વિવિધ વિકાસલક્ષી કામોમાં બાંધકામ શાખાના એસ.ઓ.ના માર્ગદર્શન હેઠળ સરપંચ તલાટી દ્વારા ગટર લાઈન, રસ્તાઓ, બોર મોટર જેવા કામોમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરી સરકારી નાણાંનો ગેરવહીવટ કરવામાં આવ્યો છે. જો આ કામો અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તો સરપંચ-તલાટી સાથે બાંધકામ શાખાના એસ.ઓ.સહિત તાલુકા તેમજ જિલ્લાના અધિકારીઓની પણ સંડોવણી બહાર આવે તેમ જોવાઈ રહ્યુ છે.

## પ્રાથમિક આરોગ્યુ કેન્દ્રા ગુંથલીના ઉપક્રમે હેલ્થક એન્ડા વેલનેસ કેન્દ્ર જોરાપુરા ખાતે રકતદાન કેમ્પ યોજાયો



લુણાવાડા,
કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લાદ આરોગ્યુ તંત્ર દ્વારા જિલ્લા માં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં ગુંથલી પ્રાથમિક આરોગ્યભ કેન્દ્ર ના જોરાપુરા હેલ્થવ એન્ડન વેલનેસ કેન્દ્ર ખાતે ડો. અંનત શાહ, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર કિંજલબેન પરમાર તથા તેમની આરોગ્ય ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે તા.૨૭મીના રોજ રક્તદાન કેમ્પ યોજાઇ ગયો. જોરાપુરા ખાતે યોજાયેલ રકતદાન કેમ્પઆમાં ૩૩ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં ૩૩ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યું હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યાત હતા.

આ રકતદાન કેમ્પા દરમિયાન રકતદાતાઓને માસ્કર પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વછજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધબતિઓ અપનાવવા અને યોગ-વ્યાયામ ઈત્યાનદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

## વિરપુરના સરાડિયા ગામે પતિની હત્યાના ગુનામાં પતિ અને સાસુની ધરપકડ : કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા બંને આરોપી જેલમાં

વિરપુર,
વિરપુરના સરાડિયા ગામે પતિ-પત્નિ વચ્ચે સામાન્ય ઝઘડો થતાં પત્નિ પિયરે જતી રહી હતી. તેને મનાવવા સાસરીમાં આવેલ જમાઈને રાત્રિના સમયે પત્નિ અને સાસુએ જમાઈને મોતને ઘાત ઉતારી દીધો હતો. જેની ફરિયાદ મૃતકના નાના પુત્ર પ્રકાશ પરમારે વિરપુર પોલીસને કરતા પોલીસે પત્નિ ભુરીબેન દેવાભાઈ પરમાર અને સાસુ બેનીબેન ગેમાભાઈ સોલંકીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધા હતા. બાદમાં આ બંને આરોપીઓનો કોરોનાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેઓનો બંને કોરોનાનો ટેસ્ટ નેગેટિવ આવતા આ બંને આરોપીઓને સંતરામપુર જેલમાં મોકલી આપ્યા છે.

## દર્શન કરવા ઈચ્છતા દરેક ભક્તએ મંદિરની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવું થયું ફરજીયાત



ડાકોર,
ડાકોરમાં લોકોના સ્વાસ્થયને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ દ્વારા નવું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દર્શન કરવા ઈચ્છતા દરેક ભક્તએ મંદિરની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત રહેશે. આ દર્શન માટે ચોક્કસ સમયગાળો ફાળવવામાં આવશે. તે નિર્ધારિત સમયગાળા દરમિયાન જ ભક્તએ દર્શન કરીને બહાર નિકળી જવું પડશે.

આ ઉપરાંત રજીસ્ટ્રેશન નહી હોય તેવા ભક્તોને દર્શન માટે અંદર પ્રવેશવા દેવામાં આવશે નહીં. આ ઉપરાંત રજીસ્ટ્રેશન જેમનું હશે તેમનું પણ થર્મલ ગન દ્વારા ચેકિંગ થશે, ત્યાર બાદ પ્રવેશ આપવામાં આવશે.બુધવાર તારીખ ૨૮/૧૦/૨૦૨૦ ના રોજ સવારે ૮:૦૦ મંદિર વેબસાઈટ www.ranchhodrayji.org બુકીંગ શરૂ કરાશે.

ત્યાં દરેક ભક્ત પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. પંચાંગ મુજબ ૩૦/૧૦/૨૦૨૦ અને મંદિર પંચાંગ મુજબ ૩૧/૧૦/૨૦૨૦ એમ ૨ દિવસ ડાકોર મંદિરમાં શરદપૂર્ણિમા ઉજવાનાર છે. ફરજિયાત ઓનલાઈન બુકીંગ થી માત્ર ૧૧૦૦૦ દર્શનાર્થી ભક્તો જ દર્શન કરી શકશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૯-૧૦-૨૦૨૦, ગુરૂવાર, નિજ આસો સુદ-૧૩, સૂર્યોદય-૬-૫૦, સૂર્યાસ્ત-૬-૧૦, જૈન નવકારશી-૭-૩૮, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ ઉત્તર ભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૫૧ થી શુભ-૮-૧૬ સુધી, ૧૧-૦૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૨૦ સુધી, ૧૬-૪૫ થી શુભ-અમૃત-ચલ-૨૧-૨૦ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૫૧ થી ૭-૪૭ સુધી, ૯-૪૧થી ૧૨-૩૦ સુધી, ૧૩-૨૭થી ૧૪-૨૪ સુધી, ૧૬-૧૭થી ૧૯-૧૪ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૯.૧૦.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- દિવસની શરૂઆત ખૂબ જ સારી રહેવાની સામાજીક કાર્યોમાં સફળતા લેખન કાર્યમાં કોઈની મદદ મલે.

વૃષભ(બ.વ.ઉ.) :- નવા સાહસની ઈચ્છા ફળવાની નોકરીમાં કાર્યભાર રહે. પ્રતિષ્ઠા વધવાની કર્જમાં રાહત થવાની.

મિથુન(ક.છ.ઘ.) :- વ્યવસાયમાં પ્રગતિ રહે. યાત્રા પ્રવાસનું આયોજન થાય ઉપરી અધિકારી વર્ગનો સહકાર રહે.

કર્ક(ડ.હ.) :- વિજાતીય મિત્રોનો સહકાર રહે. ભાગીદારોને સહકાર દેવો ગુસ્સાને ટાળજો. કારણ વગરના વિચારો રહે.

સિંહ(મ.ટ.) :- સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળજો નવી ઓળખાણ બાબત સાવધાની રાખવી. પ્રવાસમાં લાભ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાની જવાબદારીઓ લેવામાં જાળવવું નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ સગાઈનું કાર્ય આગળ વધે.

તુલા(ર.ત.) :- નોકરી-ધંધામાં માહોલ અનુકુળ રહેવાનો પ્રવાસમાં અનુકુળતા ગુસ્સાને કાબુમાં રાખજો તમારા વર્તનમાં સુધારો જરૂરી.

વૃશ્ચિક(ન.ય.) :- શેર સટ્ટામાં વિચારપૂર્વક રોકાણ કરજો. ઉધારી ધંધાર્થી દૂર રહેજો વિદેશથી આર્થિક લાભ મલવાનો રોમાન્સમાં સફળતા.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવ દૂર થાય નોકરીમાં ફેરફારોની ઈચ્છા ફળવાની નવા સંબંધો બનાવવાની ઈચ્છા ફળવાની.

મકર(ખ.જ.) :- વિદેશથી કે દૂરના અંતરેથી સારા સમાચાર આવે સ્વાસ્થ્ય બાબત જાળવવું મનગમતી વ્યકિત સાથે મુલાકાત થાય.

કુંભ(ગ.શ.સ.) :- પરિવારમાં ઉત્સાહનો માહોલ ઉભો થાય મિલ્કતના પ્રશ્નોમાં અનુકૂળતા રહે. અભ્યાસમાં સફળતા રહે. પ્રવાસ થાય.

મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. પરિવારના વડીલો સાથે વ્યર્થ દલીલબાજીથી દુર રહેજો.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# કોરોના મહામારીમાં તહેવાર ઉત્સવો પર પ્રતિબંધ જ્યારે પેટા ચુંટણીના પ્રચારમાં કોરોના નડતા નથી તેવી ચર્ચા

દાહોદ,
સમગ્ર વિશ્વ સહીત ભારતભરમાં હાલના તબક્કે કોરોનાનો કાળો કેર યથાવત રહેવા પામ્યો છે.જેના પગલે ભારતભરમાં ઉજવાતા વિવિધ તહેવારોને પણ ગ્રહણ લાગી જવા પામ્યો છે.તહેવારોની ભીડ તેમજ કોરોના મહામારી અંગે સાર્વજનિક મેળાવડા સહીત ઉત્સવો પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો.અને સમગ્ર વિશ્વ સહીત તમામ એજેન્સીઓ દ્વારા શિયાળામાં કોરોના પિક અપ લેશે તેવી ચેતવણી પણ આપી દેવામાં આવી છે.પરંતુ આ બધા આપાતકાલીન સંજોગોની વચ્ચે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ તેમજ રાજ્યની ખાલી પડેલી વિધાનસભાની આઠ બેઠકો પર પેટા ચૂંટણી કોરાનાની મહામારીમાં જાહેર કરાઈ હતી.જોકે બાદમાં બદનામીના બીકે રાજ્ય સરકારે યુટર્ન લઈ કોરોનાની મહામારીનો હવાલો આપી આગામી ત્રણ માસ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે.તેવું જાહેર કર્યું હતું.અને રાજ્યની ખાલી પડેલી આઠ વિધાનસભા બેઠકો પર ચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે.અને આ ચુંટણીમાં વિવિધ પક્ષોએ તેમનો ચૂંટણી પ્રચારની કામગીરી આરંભી અને ચૂટણી પ્રચાર માટેની રેલીઓને જાહેરસભાઓ ભરી ચૂંટણી પ્રચાર આદરેલ છે.જેમાં શોશ્યલ ડિસ્ટન્સનો સરેઆમ ભંગ જોવા મળી રહ્યો છે.જેના પરિણામ સ્વરૂપ કોરોનાના કેસોમાં મહદઅંશે વધારો થવાની ભીતી પણ સેવાઈ રહી છે. એક તરફ કોરોનાનો હવાલો આપી ઉત્સવ તેમજ તહેવારો પર જો પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હોય તો પેટાચૂંટણીઓમાં કોરોનાની મહામારીનો પ્રશ્નો નડતાં નથી તે યક્ષ પ્રશ્ન બની જવા પામ્યો છે.

રાજ્યમાં પહેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓ યોજાનારી હતી. વિવિધ પક્ષોએ તેમનો ચૂંટણી પ્રચારની મીટીંગો પણ શરૂ કરેલ હતી.અને અચાનક જ કોરોનાની મહામારીને કારણે સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓ ત્રણ મહિના માટે સ્થગિત કરાયાંની જાહેરાત કરી ચૂટણી મોકૂફ કરાઈ હતી.અને પેટા ચૂંટણી જાહેર કરતા આવા કોરોના મહામારીની વચ્ચે કટોકટીના સમયમાં રાજ્ય સરકારના આવા બેવડા ધારા ધોરણથી અનેક તર્કવિતર્ક જોવા મળી રહ્યા છે. જો વિધાનસભાની પેટા ચૂંટણીઓ થતી હોયતો સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓ કેમ ના થાય? તેઓ છૂપો ગણગણાટ પણ અંદરોઅંદર ચર્ચાઈ રહ્યું છે.કોરોના કાળમાં સરકારની કેટલીક ચૂક તેમજ કોરોના કાળમાં મજૂદરોના રઝળપાટ સહિતની અનેક મુદ્દે જનતાની નારાજગી તેમજ બિહારની ચુંટણીઓને રાજ્યની વિધાનસભાની પેટા ચૂંટણીઓના પરિણામો શું આવેછે.તેની રાહ જોઈ પછી સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓ યોજાશે તેવા અને તર્ક વિતર્કો જનતાના માનસપટલ પર છવાઈ રહ્યા છે.જોકે રાજ્ય સરકાર પણ કોઈપણ રીતે કાચુ કાપવાના મૂડમાં નથી.સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા વિધાનસભાની પેટાચૂંટણીઓ લિટમેસ ટેસ્ટ માની પ્રજાના મૂડનો ક્યાંસ મેળવવાનો અભિગમ હોઈ શકે તેમાં કોઈ બે મત નથી.પેટા ચૂંટણીના પરિણામો બાદ જ સ્થાનિક ચૂંટણી અંગે નિર્ણય લેવાશે તેવું હાલના તબક્કે લાગી રહ્યું છે.

**પેટા ચુંટણીના પરિણામમાં લોકોના મૂડ જોઈ સ્થાનિક સ્વરાજની ચુંટણી અંગે નિર્ણય**

# જિલ્લા આયોજન હેઠળ લેવામાં આવેલા કામોમાં થયેલી પ્રગતિની સીમક્ષા કરતા કલેક્ટર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
જિલ્લા આયોજન હેઠળ લેવામાં આવેલા કામોમાં થયેલી પ્રગતિની કરવામાં માટે આજે જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, ગ્રામીણ લોકોની સુખસુવિધામાં વૃદ્ધિ કરે એવા કામોનું આયોજન તુરંત થાય તેની સાથે તેનું બનતી ત્વરાથી અમલીકરણ થાય એ જરૂરી છે.

જિલ્લા આયોજન મંડળ દ્વારા વિકાસ કામો કરવા માટે ફાળવવામાં આવતા કેટલાક અનુદાનમાં ગ્રામ પંચાયતોનો ફાળો પણ જરૂરી છે. લોકભાગીદારીનો હેતું ગ્રામજનોને જે તે કામ પોતાનું હોવાનો અહેસાસ કરાવવાનો છે. લોકફાળાની રકમ નજીવી હોય છે, પણ તેનું મહત્વ ઘણું હોય છે. લોકભાગીદારીથી કરવાના થતાં કામોમાં ગ્રામ પંચાયતના વડાઓને સમજૂત કરવા ખરાડીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની નેતૃત્વની સરકારની નેમ છે કે વિકાસ કામો છેક છેવાડાના ગામો સુધી પહોંચવા જોઈએ. તેથી આયોજન મંડળમાં એવા કામોનો સમાવેશ કરવો જોઈએ કે જેનાથી હેપીનેસ ઈન્ડેક્સમાં વધારો થાય. આ માટે વિકાસના કામોમાં આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણી જેવા કામોને પ્રાધાન્ય આપવું જોઈએ.

બેઠકમાં ઉપસ્થિત તાલુકાકક્ષાના અમલીકરણ અધિકારીઓને આયોજન મંડળના અનુદાનમાંથી મંજૂર થયેલા કામોની વહીવટી કામગીરી ઝડપથી કરવા અને મંજૂર થયેલા કામોને ત્વરિત પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી.

જિલ્લા આયોજન અધિકારી કિરણ ગેલાતે આ બેઠકમાં માહિતી રજૂ કરી હતી કે, ૧૫ ટકા વિવેકાધીન હેઠળ રૂ. ૧૪૦૨ લાખ, ૫ ટકા પ્રોત્સાહક નીચે રૂ. ૨૨.૫૦ લાખ, ૫૦ ટકા વિકાસશીલમાં રૂ. ૧૬૦૦ લાખ અને આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ. ૨૧૨૫ લાખનું અનુદાન રાજ્ય સરકાર દ્વારા મળવા પાત્ર છે. તેમાંથી રૂ. ૨૧૧૫ લાખના કામોને પ્રાથમિક મંજૂરી મળી ગઇ છે. ૧૨૧૫ જેટલા વિકાસ કામોને વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે.

આ બેઠકમાં પ્રાંત અધિકારી દિનેશ હડિયલ, રાઠોડ, જિલ્લા આયોજન કચેરીના અધિકારી સંદીપ પટેલ, વીરપુરા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદની એગ્રો ઈન્ડસ્ટ્રિઝમાં દરોડો, રૂ.૧૨.૮૦ કરોડની કરચોરી ઝડપાઈ

દાહોદ,
સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગના ઈન્ટેલિજન્સ વિભાગના અધિકારીઓને મળેલા ડેટાનુ એનાલિસીસ કર્યા બાદ દાહોદની મિલ્કત એગ્રો ઈન્ડસ્ટ્રિઝ પ્રા.લિ.માં દરોડો પાડ્યો હતો. દરોડાની કાર્યવાહી દરમિયાન ખરીદ–વેચાણને લગતા દસ્તાવેજો, કાચા ચિઠ્ઠા, વાંધાજનક કાગળો, કોમ્પ્યુટર ફલોપી, હાર્ડ ડિસ્કની તલસ્પર્શી તપાસ શરૂ કરી હતી. જેને આધારે પ્રાથમિક તબક્કે રૂ.૧૨.૮૦ કરોડની કરચોરી ઝડપાઈ હતી. સુત્રોએ વધુમાં ઉમેર્યુ હતુ કે, રજીસ્ટ્રર બ્રાન્ડનો ઉપયોગ કરી જુલાઈ–૨૦૧૭થી સપ્ટે.–૨૦૨૦ દરમિયાન રૂ.૩૧૦ કરોડનુ ટર્નઓવર કર્યુ હતુ. પરંતુ કરપાત્ર મુલ્યના માલ–સામાન પેટે રૂ.૧૨.૮૦ કરોડનો કરવેરો ચુકવ્યો ન હતો. અલબત્ત સ્વૈચ્છિકરૂપે રૂ.૭૫ લાખ ભર્યા હતા.

સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના કાયદાનુ ઉલ્લંઘન કરનાર ઈન્ડસ્ટ્રિઝના એમ.ડી.ઈદરીસ યુસુફભાઈ માલવસીની સી.જી.એસ.ટી.ના અધિકારીઓએ ધરપકડ કરી કોવિડ–૧૯ના ટેસ્ટ માટે સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યારબાદ રિમાન્ડ મેળવવા માટે વડોદરાની અદાલતમાં રજુ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દિવાળી પુર્વે સી.જી.એસ.ટી.એ દરોડાનો દોર શરૂ કરતા કરચોરોની નિંદર વેરણ થવા પામી હોવાનુ જાણવા મળ્યુ હતુ.

મીડિયા કર્મીઓ જોડે અમાનવીય વ્યવહાર કરવામાં આવતા એક આ તબક્કે મીડિયા કર્મીઓ તેમજ અધિકારીઓ વચ્ચે સામાન્ય ચકમક જોવા મળી.

દાહોદની નામાંકિત મીસકાત ઈન્ડસ્ટ્રીઝમાં જીએસટી વિભાગના દરોડા પડ્યા હતા અને તેમના માલિકને કોરોના રિપોર્ટ કરાવવા આવ્યા હોવાની વાતો વાયુવેગે મીડિયા સહીત શહેરના વેપારીઓને થતાં મીડિયાકર્મીઓ તેમજ કેટલાક વેપારીઓ ઝાયડસ હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં કેટલાક મળતીયાઓ દ્વારા એક પ્રકારનું આવરણ બનાવી મીડિયા કર્મીઓને અટકાવવાના પ્રયાસો હતા. ત્યારબાદ કેટલાક વેપારીઓને કોરોનાના સેમ્પલિંગના વિભાગ સુધી જવા દેવામાં આવ્યા હતા.જેના પગલે ત્યાં ઉપસ્થિત અધિકારીઓ તેમજ મીડિયાકર્મીઓ વચ્ચે સામાન્ય ચકમક જોવા મળી હતી.

ગઈકાલે દાહોદની નામાંકિત મીસકાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં જીએસટી વિભાગ વડોદરાની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ રેડ દરમિયાન મીસકાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ના માલિક ઈદ્રીશ મલવાસી દ્વારા ૧૨.૮૦ કરોડની જીએસટી ચોરીનું ઘસ્ફોટક થતાંની સાથે શહેરના વેપારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ત્યારબાદ કંપનીના માલિકની અટકાયત બાદ કોરોના ગાઈડ લાઈન મુજબ કોરોના ટેસ્ટ કરાવવા માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં ઈદ્રીશભાઈને ચેસ્ટ પેઈન હોવાની ફરિયાદ કરતા તેમના જરૂરી રિપોર્ટ કરાવી વડોદરા ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે આ દરમિયાન દાહોદ એપીએમસીના વેપારીઓ તેમજ દાહોદના નામાંકિત અગ્રણીઓ પણ હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા.તેમજ હોસ્પિટલ ખાતે કેટલાક મળતીયાઓ દ્વારા સમગ્ર મામલામાં ભીનું સંકેલવાના નિષ્ફળ પ્રયાસોમાં જોતરાયા હોવાની વાતો વહેતી થઈ હતી.જોકે મોડીરાત્રે ઈન્ડસ્ટ્રીઝના માલિક અને વડોદરા ખાતે લઈ જવામાં આવ્યા હતા. અને આજરોજ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદમાં આજે વધુ ૦૩ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૯૪ ને પાર પહોંચ્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૩૧૬ પૈકી ૨ ત્યારે અને રેપીટ ટેસ્ટના ૨૦૫૧ પૈકી ૦૧ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૩ કેસો પૈકી દાહોદમાંથી ૦૧, દેવગઢબારિયામાંથી ૦૧ અને ગરબાડામાંથી ૦૧ કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૮ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૬૫ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

# આગામી તહેવારોની ઉજવણી કોરોનાની સાવચેતી સાથે કરવા કલેક્ટરની અપીલ




દાહોદ,
આગામી દિવસોમાં આવનારા ઇદ, શરદ પૂનમ, દિવાળી અને બેસતા વર્ષ સહિતના તહેવારો કોરોના વાયરસ સામે સાવચેતીના પગલાં રાખીને ઉજવણી કરવા માટે દાહોદ કલેક્ટર વિજય ખરાડીએ અપીલ કરી છે.

વિદેશોમાં કોરોના વાયરસના સંક્રમણનો અભ્યાસ કરવામાં આવે તો માલૂમ પડે છે કે, ત્યાં કોરોના વાયરસના કેસોમાં ફરી ઉછાળો નોંધાઇ રહ્યો છે. એટલે અહીં પણ એવી સ્થિતિ ના સર્જાય એ માટે વધુ સાવચેતી રાખવી પડશે. આપણે ત્યાં શિયાળાનો પ્રારંભ થઇ ગયો છે. સામાન્ય રીતે પણ શિયાળમાં શરદી ઉધરસના કેસોમાં વધારો થતો હોય છે, પણ આ વખતે કોરોનાકાળ ચાલી રહ્યો છે. તેથી નાગરિકોએ વધુ સાવધાની રાખવી પડશે.

તેમણે જણાવ્યું કે, દાહોદમાં એવા પણ કેસો ધ્યાને આવ્યા છે કે, પરિવાર સાથે યાત્રામાં ગયા હોય અને પરત આવ્યા બાદ તમામ સભ્યોને કોરોના વાયરસ લાગું પડ્યો હોય. મૃત્યુ પછી રાખવામાં આવેલી વિધિમાં સામેલ થયેલા લોકો પૈકી ૧૭ને કોરોનાનો ચેપ લાગ્યો છે. આ કેસો એ બાબતની શીખ આપે છે કે, ભીડભાડવાળી જગાએ જવાનું ટાળવું જોઇએ. ભીડમાં રહેલી કોઇ એસિમ્પટોમેટિક વ્યક્તિથી તમને પણ કોરોના વાયરસ લાગી શકે છે.

દાહોદમાંથી બહારના જિલ્લામાં અનેક લોકો રોજગારી માટે ફરી ગયા છે. આ લોકો તહેવારોમાં દાહોદ પરત આવશે. બહારના જિલ્લામાંથી પરત આવનારા લોકોએ પોતાની તબીયત અંગે ખૂબ જ તકેદારી રાખવી પડશે. કોરોના વાયરસના એક પણ લક્ષણ જણાય તો ચિંતા કર્યા વીના ટેસ્ટ કરાવી લેવો જોઇએ. હાલની સ્થિતિમાં ટેસ્ટ ઇઝ બેસ્ટ છે.

દાહોદમાં એક ચિંતાકારક બાબત ધ્યાને આવી છે એમ કહેતા વિજય ખરાડીએ ઉમેર્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં કોમોરબીડ વ્યક્તિને કોરોના વાયરસ લાગું પડવાથી મૃત્યુના કેસમાં દર્દી બહુ જ મોડેથી સારવાર માટે દાખલ થયા હોવાનું નોંધાયું છે. ઘરમાં રહેલા વડીલોની પરિવારજનોએ ખૂબ જ સંભાળ લેવાની જરૂર છે. કોરોનાના કોઇ પણ લક્ષણ જણાય તો તુરંત જ ટેસ્ટ કરાવી લેવો હિતાવહ છે. કારણ કે, જો યોગ્ય સમયે સારવાર ન મળે તો દર્દીના શરીરમાં કોરોના વાયરસ અસર વધુ થઇ જતી હોય છે. બાદમાં તે દર્દી રિકવર થઇ શકતી નથી. ખાનગી તબીબોને પણ ફરી અપીલ છે કે આવા દર્દીઓને તુરંત કોરોનાનો ટેસ્ટ કરાવવા મોકલે.

આગામી દિવસોમાં આવનારા તહેવારોમાં આપણે સૌએ વધુ કાળજી રાખવી પડશે. બને ત્યાં સુધી ઘરમાં જ રહીને તહેવારોની ઉજવણી કરવી હિતાવહ છે. ભીડવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઇએ.

દાહોદના વેપારીને પણ કલેક્ટરએ અનુરોધ કર્યો છે કે, શાકભાજી, કરિયાણા, દૂધ, હેરકટિંગ કરતા વ્યવસાયી–વેપારીઓને પખવાડિયા કે સમયાંતરે પોતાનો કોરોનાનો ટેસ્ટ કરાવી લેવો જોઇએ. જેથી પોતે અને પોતાના ગ્રાહકોને ચેપથી બચાવી શકાય.

# ફતેપુરા તાલુકા આદિવાસી સમાજ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે આદિજાતિઓની જમીન હડપવાનું બંધ કરી આદિવાસી આગેવાન પર થયેલ પોલીસ ફરિયાદ રદ કરવાની માંગ સાથે મામલતદારને આવેદન

ફતેપુરા,
ફતેપુરા આદિવાસી સમાજ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે અનુસૂચિત આદિજાતિઓની જમીનો હડપવાનું બંધ કરી આદિવાસી આગેવાન ઉપર કરેલ ખોટી પોલીસ ફરિયાદ રદ કરવામાં આવે તેવી માંગ સાથે તાલુકા મામલતદારને આવેદન આપવામાં આવ્યું.

ફતેપુરા તાલુકાના આદિવાસી સમાજ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન સત્તા મંડળને તત્કાલ હટાવી ૧૪ આદિવાસી ગામ પંચાયતોના અધિકારો પરત કરો. ભારતીય સંવિધાનની પાંચમી અનુસૂચિ અને પૈસા કાનુનનો ભંગ કેવડિયા વિસ્તારમાં બંધ કરવામાં આવે. કેવડિયા વિસ્તારના આદિવાસીઓના અધિકારી માટે જનજાગૃતિ ચલાવનાર અને લોકોની સમસ્યા સરકાર સુધી પહોંચાડવા અવાજ ઉઠાવનાર ડૉક્ટર પ્રફુલ વસાવા ઉપર ખોટી ફરિયાદ કરવામાં આવી છે. તેમજ ૩૧ ઓકટોમ્બરના રોજ વડાપ્રધાનના કાર્યક્રમ પહેલા સ્થાનિક આગેવાન જેસીંગભાઈ તડવી અને લખનભાઈ મુસાફિરને તડીપાર કરવામાં આવી આદિવાસીઓની બંધારણીય અધિકારોથી વંચિત રાખવા અવાજ દબાવી દેવામાં આવ્યો છે. સરકાર દ્વારા આદિવાસી ખેડુતોની જમીન પર કરેલ દબાણો હટાવી લેવામાં આવે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ સી પ્લેન ઉતારવા વિયર ડેમ પુરો ભરી થતાં ખેડુતોના ઉભા પાકને થયેલ નુકશાનનું વળતર ચુકવવામાં આવે તેવી માંગ સાથે ફતેપુરા તાલુકા મામલતદારને આદિવાસી સમાજના આગેવાનો દ્વારા આવેદન આપવામાં આવ્યું.

# દાહોદના ગલાલીયાવાડ વિસ્તારમાં જુગાર રમતા ૯ ઈસમોને ૬૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,
દાહોદ તાલુકાના ગલાલીયાવાડ વિસ્તારમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં આંક ફરકનો જુગાર રમી રહેલા ૧૦ જેટલા જુગારીઓને પોતાની ઓચિંતી રેડ પાડી ઝડપી પાડી સ્થળ પરથી રોકડા રૂપીયા ૩૪,૦૮૦, ૭ મોબાઈલ ફોન કિંમત રૂા.૩૫,૦૦૦, જુગારના સાધનો વિગેરે મળી કુલ રૂા.૬૯,૩૫૦ના મુદ્દામાલ સાથે ૧૦ પૈકી ૦૯ ને ઝડપી પાડી જ્યારે એક નાસી જવામાં સફળ રહેતા પોલીસે તેની પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

બાબુભાઈ કરીમભાઈ શેખ (રહે. ગલાલીયાવાડ), વિક્રમભાઈ લાલચંદભાઈ અમલીયાર (રહે. ગલાલીયાવાડ), સંજયભાઈ વલ્લભાઈ નિનામા (રહે.લક્ષ્મી હોટલ પાછળ, દાહોદ), મનોજરામ જગધરરામ દાસ (રહે.ગોદીરોડ, દાહોદ), દવાલભાઈ છત્રાભાઈ મોહનીયા (રહે.મંડાવાવ,દાહોદ), સમસુભાઈ મગનભાઈ બારીયા (રહે.છાપરી,દાહોદ), તુલસીદાસ ઘનશ્યામભાઈ બારીયા (રહે.પંકજ સોસાયટી,દાહોદ), દિનેશભાઈ ભુરાભાઈ બીલવાળ (રહે.ગલાલીયાવાડ), સામુભાઈ મડીયાભાઈ માવી (રહે.ઉસરવાણ,દાહોદ) અને વજુભાઈ ગલાભાઈ ભુરીયા (રહે.ગલાલીયાવાડ) આ ૧૦ જણા ગત તા.૨૭મી ઓક્ટોબરના રોજ ગલાલીયાવાડ વિસ્તારમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં આંક ફરકનો જુગાર રમી રહ્યા હતા. આ દરમ્યાન પોલીસને મળેલ બાતમીના આધારે આ સ્થળ પર ઓચિંતી રેડ કરતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા પરંતુ પોલીસે ચારેય તરફથી સૌને ઘેરી લેતા ૧૦ પૈકી ૦૯ ને ઝડપી પાડ્યા હતા જ્યારે વજુભાઈ ગલાભાઈ ભુરીયા નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપીયા ૩૪,૦૮૦, ૭ મોબાઈલ ફોન કિંમત રૂા.૩૫,૦૦૦, બોલપેન, બુક, તમાકું, પાન, બીડી વિગેરે મળી કુલ રૂા.૬૯,૩૫૦નો મુદ્દામાલ કબજે લઈ દાહોદ તાલુકા પોલીસે ઉપરોક્ત દશેય વિરૂધ્ધ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગરબાડા તથા તાલુકા વિસ્તારમાં ડુંગરોમાંથી સફેદ પથ્થરોનું બેરોકટોક ખનન : ખાણ ખનીજ વિભાગની પરવાનગી અંગે રહસ્યો

ગરબાડા,
ગરબાડા સહિત તાલુકામાં સફેદ પથ્થરના ડુંગરો પર આડેધડ ખોદકામ કરીને તેમાંથી નીકળતા પથ્થરો વગે કરવાનો ધુમ વેપલો બેરોકટોક ચાલી રહ્યો છે. કામગીરી ગરબાડામાં માધ્યમિક શાળાની સામે ચાલી રહી છે. ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા પરવાનગી આપેલી છે કે નહિ તે પાછળ પણ રહસ્યો સર્જાયા છે. આ કામ પરવાનગીથી ચાલી રહ્યુ છે કે બારોબાર તે બાબતની સ્થાનિક મામલતદાર કચેરી પણ અજાણ હોવાનુ જાણવા મળ્યુ છે. ગરબાડા તાલુકામાં સફેદ પથ્થરના સંખ્યાબંધ ડુંગરો ખોદી કાઢી સફેદ પથ્થરો સગેવગે કરાયા છે. આ કામગીરી માટે લવાતા મશીનોથી પંચાયતના માર્ગોને પણ નુકસાન થઈ રહ્યુ છે. હાલમાં હિટાચી મશીન દ્વારા ખોદકામ કરતી વખતે પંચાયત દ્વારા બનાવેલ કાચા માર્ગ પર નવા બનાવેલા નાળાને પણ તોડી નાંખી નુકસાન કરવાનો મુદ્દો ચર્ચાની એરણે છે.

# દાહોદ શહેરમાં રેકડામાં ભરેલ ૨૮૦ કિલો મહુડાના ફુલના જથ્થા સાથે એક ઈસમને ઝડપ્યો

દાહોદ,
દાહોદ તાલુકાના નાની સારસી ગામમના મંદિર ફળિયામાં રહેતા શનિભાઈ દીતયાભાઈ માવી પોતાના કબજાનો રેકડો લઈ ગતરોજ બપોરના સમયે દાહોદ શહેરના દોલતગંજ બજારમાંથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે પેટ્રોલીંગમાં નીકળેલ દાહોદ શહેર પોલીસ ને તે રેકડો શંકાસ્પદ લાગતા પોલીસે રેકડો રોકી તેની તલાસી લેતા રેકડામાંથી રૂપીયા ૧૬,૮૦૦ ની કિંમતના કુલ ૨૮૦ કિ.ગ્રામ વજનના પાસ પરમીટ વગરના અખાદ્ય મહુડાના થેલા નંગ.૭ પકડી પાડી પોલીસે તેની અટક કરી સદર મહુડાના ફુલની પાસ પરમીટની માંગણી કરતાં તેને પાસ પરમીટ ન હોવાનું જણાવ્યું હતું. ઉપરોક્ત મહુડાના ફુલ કોના ત્યાંથી ભરી કોને પહોંચાડવાના હોવાનું સદર અખાદ્ય મહુડાના ખુલ દાહોદ અગ્રવાલ સોસાયટીમાં રહેતા પીયુષભાઈ રવિન્દ્રકુમાર અગ્રવાલને ત્યાંથી લાવી દાહોદ કન્યા આશ્રમની સામે ચાકલીયા રોડ પર રહેતા ઘનશ્યામભાઈ રામચંદ્ર પ્રેમજાનીને પહોંચાડવા જઈ રહ્યો હોવાનું જણાવતા આ સંબંધે દાહોદ શહેર પોલીસે નાની સારસી ગામના રેકડાનાં ચાલક સનીભાઈ માવી, દાહોદ અગ્રવાલ સોસાયટીમાં રહેતા પીયુષભાઈ રવિન્દ્રભાઈ અગ્રવાલ અને દાહોદ કન્યા આશ્રમ સામે ચાકલીયા રોડ પર રહેતા ઘનશ્યામભાઈ રામચંદ્ર પ્રેમજાની વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# દાહોદ ચોસાલા ગામે પશુ બાંધવા બાબતે તકરારમાં મારમારતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના ચોસાલા ગામે ખેતરમાં પશુઓ બાંધવા મામલે એક દંપતિએ એકને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ચોસાલા ગામે ગામતળ ફળિયામાં રહેતા હસુભાઈ ગેંદાલભાઈ બારીયાના ડાંગરના ખેતરમાં તેમના જ ગામમાં રહેતા સળીયાભાઈ ગેંદાલભાઈ બારીયા તથા તેમની પત્નિ અંજુબેન સળીયાભાઈ બારીયાએ પોતાના પશુઓ બાંધી રાખ્યા હતા આ બાબતે હસુભાઈએ ઉપરોક્ત દંપતિને કહેલ કે, મારા ખેતરમાં કેમ બળદ બાંધેલ છે. પાકને નુકસાન થશે તેમજ જમીન કાચી છે. દબાઈ જશે તેમ કહેતાની સાથે જ ઉપરોક્ત દંપતિ એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ લાકડી વડે તથા પથ્થરો વડે ક્સુભાઈને માર મારી શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડ્યા બાદ ગડદાપાટ્ટુનો માર માર્યો હતો. આ સંબંધે ઈજાગ્રસ્ત હસુભાઈ ગેંદાલભાઈ બારીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 59

## ઓનલાઈન AC રીપેરીંગના સ્પેરપાર્ટસ અને ગેસ ખરીદીના નામે

# ગોધરાની વ્યક્તિ સાથે છેતરપિંડી કરનાર ઈસમને સાઈબર ક્રાઈમ પોલીસે અમદાવાદથી ઝડપ્યો







- ગોધરાના અરજદારને એ.સી.રીપેરીંગના સ્પેરપાર્ટસ અને ગેસના ખરીદી માટે ૩૫ હજાર ભરાવી છેતરપિંડી કરી.
- અમદાવાદ-વેજલપુર વિસ્તારમાં રહેતા ઈસમે શ્રી સાંઈ સર્વિસ તથા અક્ષત એન્ટરપ્રાઈઝના નામે છેતરપિંડી આચરતો હતો.

ગોધરા,
પંચમહાલ જીલ્લા તથા અલગ રાજયના ઓનલાઈન એ.સી. રીપેરીંગના સ્પેરપાર્ટસ, ગેસ ખરીદી માટે ઈન્ડીયા માર્ટ વેબસાઈટ ઉપર ઈન્કવાયરી કરનાર ગ્રાહકોના નંબર મેળવી એ.સી. સ્પેપાર્ટસ ડીલરના નામથી ડીલ નકકી કરી એડવાન્ડ્સ પેટે ગુગલ પે માં નાણાં ભરાવડાવી એ.સી. રીપેરીગના સ્પેરપાર્ટસની ડીલવરી નહી કરી છેતરપિંડી અંગે ગોધરા શહેરના રબ્બાની મહોલ્લામાં રહેતા ફરિયાદ દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં કરેલ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ દ્વારા છેતરપિંડી કરનાર ઈસમને ૨૫,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા શહેર વેજલપુર રોડ રબ્બાની મહોલ્લામાં રહેતા મોહમંદ સફી કાસીમ ઉમરજી એ સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં એ.સી.રીપેરીંગના સ્પેર પાર્ટસ આપવાના બહાને થયેલ છેતરપિંડી અંગે ફરિયાદ કરી હતી. સાઈબર ક્રાઈમ પોલીસે અરજીમાં જણાવેલ મોબાઈલ નંબર ૮૧૫૩૮૯૧૨૪૬ તથા ગુગલ પે નં.૮૧૪૦૦૧૭૩૯૨ના આધારે ટેકનીકલ રીતે એનાલીસીસ કરતાં એ.સી.રીપેરીંગ સ્પેરપાર્ટસ આપવાના નામે છેતરપિંડી કરનાર ઈસમ અમદાવાદ વેજલપુર રહેતા હોય ઈસમને પુછપરછ કરવામાં આવતાં ગોધરાના અરજદાર સાથે એ.સી.રીપેરીંગના સ્પેરપાર્ટસ આપવાના બહાને ગુગલ પે દ્વારા ૩૫,૦૦૦/– રૂપીયા મંગાવેલ હતા અને નાણાં બેંકમા ઉપાડી લીધા હતા. છેતરપિંડીના ગુનામાં પકડાયેલ ઈસમની પુછપરછ કરતાં લોકડાઉન પછી કામ ધંધો બંધ થઈ જતાં શ્રી સાંઈ સર્વિસ તથા અક્ષન એન્ટરપ્રાઈઝ એ.સી.સ્પેરપાર્ટસ ડીલરના વેચાણ કરવા માટેની સર્વિસ શરૂ કરી હતી. ઓનલાઈન ખરીદ–વેચાણ માટે ઉપયોગમાં લેવાતી ઈન્ડીયા માટે વેબલાઈટ પરથી ગ્રાહકોના નંબરો મેળવી મોબાઈલ નંબર ૯૧૦૬૦૦૯૨૩૮ તથા ૮૧૫૩૮૯૧૨૪૬ થી ફોન સંપર્ક કરીને ગ્રાહકો સાથે ડીલ કરી એ.સી. સ્પેરપાર્ટસ આપવાના બહાને એડવાન્સ નાણાં ગુગલ પે નંબરથી બેંક ઓફ ઈન્ડીયાના એકાઉન્ટ નંબર 20731011000 5452, IFSC નંબર BKID0002073 સાથે લીક હોય તેમાં ટ્રાન્સફર કરાવડાવતો હતો અને આરોપી ઈસમ ગ્રાહકોના પૈસા ઉપાડી પોતાની પાસે રાખી અંગત ખર્ચાઓમાં વાપરતો હતો. સાઈબર ક્રાઈમ દ્વારા ઝડપી પાડવામાં આવેલ ઈસમ પાસેથી ૨૫,૦૦૦/– રૂપીયાની રોકડ સાથે ઝડપી પાડવામાં આવ્યો. ઓનલાઈન છેતરપિંડી અંગે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ ગુનાને સાઈબર ક્રાઈમ પોલીસની મદદથી ડીટેકટ કરવામાં આવ્યો.

## હાલોલ છબાપુરા ગામે ખોટા દસ્તાવેજોના આધારે બેંકમાંથી લોન લેવાના કિસ્સામાં ચાર આરોપીઓને સાત વર્ષની કેદની સજા ફટકારતી કોર્ટ

હાલોલ,
હાલોલ છબાપુરા ગામમાં પોતાની જમીન ન હોવા છતાં ૪ ભેજાબાજોએ પુર્વ આયોજિત કાવતરૂ રચી ખોટા દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. જમીન ખરીદારને અંધારામાં રાખી દસ્તાવેજ કરી આપ્યા બાદ તેના નામના ડુપ્લિકેટ આધારકાર્ડ બનાવી દસ્તાવેજ હાલોલની કોર્પોરેશન બેંકના તારણમાં મુકી ત્રણ લાખની લોન લઈ જમીન ખરીદાર અને બેંક સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાતા પોલીસે તપાસ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ચારેયને સાત વર્ષની સખ્ત કેદની સજા અને દંડ અને ભરે તો વધુ છ માસની સજાનો હુકમ કરતા જમીન માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ કોર્પોરેશન બેંકમાં તા.૩ મે ૨૦૧૭ થી ૧૦ નવેમ્બર ૨૦૧૭ દરમિયાન સુનીલ મહેન્દ્ર મહેતા (ઉ.વ.૩૦ રહે.રેણા મોરવા), કિરણસિંહ ઉર્ફે ટીનો પરમાર (ઉ.વ.૩૭ રહે.છબાપુરા, હાલોલ), સાદિક ઉર્ફે ઘોઘંબાવાળા અબ્દુલ ઘાંચી (ઉ.વ.૩૯ રહે.બાદશાહબાવાની દરગાહ, હાલોલ), અને ગણપતસિંહ પરમાર (ઉ.વ.૪૧ રહે.છબાપુરા હાલોલ) એ છબાપુરા રે.સર્વે નં–૬૨ની જમીનના ખોટા દસ્તાવેજો બનાવી મંગાભાઈ રાઠવા અને રિમલાભાઈ રાઠવાને ત્રણ લાખમાં વેચી દઈ બનાવટી દસ્તાવેજ સાથે ખોટા આધારકાર્ડ બનાવી બેંકમાંથી ત્રણ લાખની લોન લીધી હતી. થોડા સમય બાદ ખેડુતની સંમતિ વગર લોન ભરપાઈ કરી દઈ પુર્વ આયોજિત કાવતરૂ રચવા સબ કોર્પોરેશન બેંકે હાલોલ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પોલીસે તપાસ દરમિયાન આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી કરી કોર્ટમાં પુરાવા સહિતની ચાર્જશીટ રજુ કરતા સરકારી વકીલ વી.એલ.ડામોર અને વી.ડી.ભટ્ટની રજુઆતો બાદ હાલોલ એડિ.ચીફ જયુ.જજ એચ.એન.રામાવતે ચારેયને સાત વર્ષની સખ્ત કેદની સજા અને દંડ ન ભરે તોક્ષદ વધુ છ માસની સજાનો જમીન માફિયાઓ સામે ચુકાદો આપતા જમીન માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે. સજા પામેલા પૈકી સાદિક ઉર્ફે ઘોઘંબાવાળા અને ગણપત પરમાર જામીન પર છુટેલા હોઈ બંનેને જયુ.કસ્ટડીમાં લેવાનો પણ હુકમ કરાયો છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા શહેર બી.વી.ગાંધી પેટ્રોલ પંપની સામે સર્કલ ખાતે મહારાણ પ્રતાપની ચેતક અશ્વ સાથેની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

## ગોધરા B.N. ચેમ્બર્સ સામે આવેલ સ્ટુડીયોના સંચાલક વિરૂદ્ધ ટી-સીરીજના હકકો ધરાવતી એજન્સી દ્વારા કોપી રાઈટની ફરિયાદ

ગોધરા,
ગોધરા બી.એન. ચેમ્બર્સની સામે આવેલ રંગોલી સ્ટુડીયોમાં ટી–સીરીજ કંપીના હકકોવાળી ફિલ્મી ગીતોનું કોમ્પ્યુટરમાં બિનઅધિકૃત રીતે રાખીને વેપાર અર્થે ઉપયોગ કરતાં હોય આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે કોપીરાઈઝ એકટ હેઠળ બે વ્યકિત વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બી.એન.ચેમ્બર્સની સામે આવેલ રંગોલી સ્ટુડીયોમાં ટી–સીરીજ કંપનીના ગીતોના હકકો ધરાવતી એજન્સી દ્વારા રંગોલી સ્ટુડીયો ખાતે તપાસ કરવામા આવી હતી. તેમાં સ્ટુડીયોમાં રાખેલ કોમ્પ્યુટર ઉપકરણમાં ટી–સીરીજ કંપનીના ફિલ્મી ગીતો ગેરકાયદેસર રીતે વેપાર અર્થે રાખીને ધંધો કરતા હોય આ બાબતે હકકો ધરાવતી કંપની દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી. જેના આધારે એસેમ્બલ કોમ્પ્યુટર સી.પી.યુ., ડીવીડી રાઈટર મળી ૧,૫૦,૦૦૦/– રૂપીયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ચેતનભાઈ સોની, સંજયભાઈ રસીકલાલ સોની વિરૂદ્ધ કોપીરાઈટ એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૪૭ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરામાં–૦૪, હાલોલ–૦૪,કાલોલ–૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય

- ૦૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૧૧.
- મૃત્યુ આંક - ૧૨૦.

નવા ૧૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૪૭ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## પંચમહાલ જિલ્લામાં સરકારી પોલિટેકનિક, હાલોલ ખાતે ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ

ગોધરા,
સરકારી પોલિટેકનિક, હાલોલના આચાર્યની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર હાલોલ ખાતે આવેલ સરકારી પોલિટેકનિક ખાતે ઈજનેરી ડિપ્લોમામાં વર્ષ ૨૦૨૦–૨૧માં પ્રવેશ માટે સરકારની એડમિશન કમિટી (ACPDC) દ્વારા ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અગાઉ રજિસ્ટ્રેશન કરાવેલ ન હોય તથા પૂરક પરીક્ષા–૨૦૨૦માં પાસ કરેલ હોય તેઓ માટે તા. ૨૬/૧૦/૨૦૨૦ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કામગીરી થયેલ છે. તા. ૨૯/૧૦/૨૦૨૦થી તા. ૦૨/૧૧/૨૦૨૦ સુધી નવા રજીસ્ટર્ડ લાયકી ઉમેદવાર માટે ઓનલાઈન સંસ્થાની પસંદગી અને અગાઉ ACPDCનો મેરીટ નમ્બર ધરાવતા આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો માટે ઓનલાઈન સંમતિ આપવા અને સંસ્થાની ઓનલાઈન પસંદગીની કાર્યવાહી કરી શકશે. તેથી સંસ્થા ખાતે જૂજ પ્રમાણમાં ડિપ્લોમા સિવિલ ઈજનેરી, ડિપ્લોમા મિકેનીકલ, ડિપ્લોમાં ઈલેક્ટ્રીકલમાં જગ્યાઓ ખાલી હોઈ પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓને સદર સંસ્થામાં પ્રવેશ લેવા એડમિશન કમિટી દ્વારા જણાવાયું છે.



દિવાળીને આડે ગણતરીના દિવસો બાકી છે. કોરોનાને લીધે દિવાળીની ઉજવણીમાં ઘણી મર્યાદાઓ આવશે, પરંતુ ઘરને આંગણે દિવડો પ્રગટાવવાનું શુકન તો આપણે કરીશું જ. ત્યારે રંગબેરંગી ચીની કે વિદેશી દીવાઓનો મોહ ન રાખતા આપણા સ્થાનિક કુંભારોએ પરસેવો પાડી બનાવેલા આ દિવડાઓ પર જ પસંદગી ઉતારજો, જેથી તમારા ઘરના દિવાઓ તેમના ઘરમાં પણ પ્રકાશ ફેલાવે.

## વડોદરામાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ અકસ્માતમાં ૪ લોકોના મોત

વડોદરા,
છેલ્લા ૨૪ કલાકમાં વડોદરા શહેર-જિલ્લામાં અકસ્માતના બનેલા બનાવોમાં ૪ લોકોના મોત નીપજ્યા છે. આજે વહેલી સવારે વડોદરાના ફતેગંજ બ્રિજ પાસે ટેમ્પોની અડફેટે એક શ્રમજીવીનું મોત નીપજ્યું હતું. આ શ્રમજીવી રોડ ક્રોસ કરી રહ્યો હતો તે દરમરિયાન અકસ્માતનો ભોગ બન્યો હતો. અકસ્માત થતાં જ ટેમ્પો ચાલક ટેમ્પો સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો. વડોદરાના ફતેગંજ બ્રિજ નીચે રતિલાલ વાલજીભાઈ રોહિત(ઉં.૪૦) રહેતો અને મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતો હતો. આજે




વહેલી સવારે ૭ વાગ્યાની આસપાસ તે ઉંઘમાંથી ઉઠીને બ્રિજ પાસે આવેલી ચાની લારી ઉપર ચા પીવા માટે જતો હતો. દરમિયાન પૂરપાટ પસાર થઈ રહેલા ટેમ્પોએ રતિલાલને અડફેટમાં લેતા સ્થળ પર જ તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત બનતા જ ટેમ્પો ચાલક સ્થળ પર ટેમ્પો મૂકીને ફરાર થઈ ગયો હતો.

આ સાથે સ્થાનિક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને આ બનાવ અંગેની જાણ ફતેગંજ પોલીસને કરતા પોલીસ દોડી આવી હતી અને લાશનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપી હતી. ફતેગંજ પોલીસે ટેમ્પો ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરા નજીક આવેલા વડસાડા ગામમાં રહેતા નગીનભાઈ રતિલાલ વસાવા ગામના પાટીયા પાસેથી પસાર થતાં હતા. તે દરમિયાન પસાર થઈ રહેલા અજાણ્યા વાહને ટક્કર મારતા તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે રાજેશ રતિલાલ વસાવાએ વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

નેશનલ હાઈવે નં-૪૮ ઉપર હોટલ નજીક બનેલા આ બનાવમાં વરસાડા ગામના નગીનભાઈનું મોત નીપજતાં ગામમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. રાજસ્થાનના પીપલખુંટ તાલુકાના પરથીપુરા ગામના રહેવાસી વિકાસ ભગવાનીયા મહિડા નેશનલ હાઈવે નં-૪૮ પાસેથી પસાર થતા હતા. તે દરમિયાન પસાર થઈ રહેલા અજાણ્યા વાહને અડફેટે લેતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. મંગળવારે બપોરના સમયે બનેલા આ બનાવ અંગેની જાણ તેમના ભાઈ બાપુલાલ ભગવાનીયા મહિડાને થતાં તુરંત જ દોડી આવ્યા હતા. આ સાથે આ બનાવ અંગે સ્થાનિક લોકોને થતાં તુરંત જ દોડી આવ્યા હતા. અને આ બનાવ અંગેની જાણ કરજણ પોલીસને કરતા પોલીસ દોડી આવી હતી. અને લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. કરજણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## કોરોના મહામારી વચ્ચે વાયબ્રન્ટ ગુજરાત સમિટ નહિ યોજાયઃ રૂપાણી

ગાંધીનગર,
વાઈબ્રન્ટ સમિટની સત્તાવાર શરૂઆત વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી. વાયબ્રન્ટ ગુજરાતમાં અનેક દેશોના ડેલિગેટ્સ અને હજારો કંપનીઓએ નોંધણી કરાવે છે. બાદમાં તેઓ ગુજરાતમાં મોટી સંખ્યમાં રોકાણ કરે છે. પરંતુ આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત નહી યોજાય.

Vibrant GUJARAT
The Global Business Hub

વાયબ્રન્ટ ગુજરાત સમિટ મુદ્દે સમાચાર આવ્યા છે કે, આ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ નહીં યોજાય. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી એક વાતચીત કરતા દરમિયાન કહ્યું છે કે, આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત સમિટ યોજાશે નહી.

ગુજરાતમાં ઉદ્યોગ જગત અને રાજકારણ વચ્ચેના તાલમેલ તરીકે સમિટની ગણના નિષ્ણાતો કરતા આવ્યા છે. ગુજરાતના ઉદ્યોગ જગતને એક મંચ પર લાવવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ માનવામાં આવતા સમિટની કથિત સફળતાઓ મામલે વિવિધ સવાલો પણ ઊઠતા આવ્યા છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે વાયબ્રન્ટ ગુજરાત નહી યોજાય તેવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

નોંધનિય છે કે, વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ સમિટની સત્તાવાર શરૂઆત કરવામાં આવી હતી, જેમાં નરેન્દ્ર મોદીએ 'વિકાસ'નું સૂત્ર વહેતું મૂક્યું હતું.

## દે.બારીઆના ભથવાડા ટોલનાકા પાસેથી રૂા.૨૪.૪૫ લાખનો અફીણનો જથ્થો ઝડપાયો

દે.બારીઆ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા ટોલનાકા પાસેથી આજે પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી ઉભી હતી તે સમયે ત્યાંથી એક મારૂતી સ્વીફ્ટ ગાડી પસાર થતાં પોલીસે ચારેય તરફથી ઘેરી લેતા તેમાં સવાર ત્રણ પૈકી એક વોન્ટેડ આરોપી નાસી જવામાં સફળ રહ્યો હતો જ્યારે પોલીસે એકની અટક કરી ગાડીની તલાસી લેતા તેમાંથી પાસ પરમીટ વગરનો અફીણનો જથ્થો ૨૪.૪૫૩ કિલો ગ્રામ કિંમત રૂા. ૨૪,૪૫,૩૦૦ ઝડપી પાડી તેમજ મોબાઈલ ફોન તેમજ ગાડી મળી મળી કુલ રૂા.૨૭,૬૦,૩૦૦ નો મુદ્દામાલ કબજે લઈ ફરાર આરોપીની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

આજરોજ તારીખ ૨૮મી ઓક્ટોબરના રોજ દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે પોતાની ટીમની સાથે ભથવાડા ટોલનાકા પાસે આવતા જતાં તમામ વાહનો તપાસ કરી રહ્યા હતા અને વોચ ગોઠવી પણ ઉભા હતા તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક સ્વીફ્ટ ગાડી પસાર થતાંની સાથે જ પોલીસ સાબદી બની હતી અને એક્શનમાં આવી તેને ચારેય તરફથી ઘેરી લીધી હતી. આ દરમ્યાન ગાડીમાં સવાર ઓમપ્રકાશ બાબુલાલ સારણ (બિસ્નોઈ, રહે.સાંચોર કોટોર મહોલ્લા, તા.સાંચોર, જિ.જાલોર, રાજસ્થાન) અને મનોહરલાલ સંગમારામ સારણ (બિસ્નોઈ, રહે. સુરજનામીયાકી, ઢાણીપુર, તા. સાંચોર, જી.જાલોર, રાજસ્થાન) અને વોન્ટેડ આરોપી એવો દિપારામ ઉદારામ બિસ્નોઈ (રહે.હરસવાડા, તા.રાનીવાડ, જિ.જાલોર, રાજસ્થાન આ ત્રણેય ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી જેમાંથી પોલીસે ઉપરોક્ત ત્રણ પૈકી બેને ઝડપી પાડ્યા હતા જ્યારે વોન્ટેડ એવો દિપારામ ઉદારામ બિસ્નોઈ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. પોલીસે સ્વીફ્ટ ગાડીની તલાસી લેતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સ્વીફ્ટ ગાડીમાંથી અફીણનો પાસ પરમીટ વગરનો ૨૪.૪૫૩ કિલો ગ્રામનો કિંમત રૂા.૨૪,૪૫,૩૦૦ નો જથ્થો ઝડપી પાડ્યો હતો જ્યારે બંન્ને જણાની અંગઝડતીમાં મોબાઈલ ફોન કિંમત રૂા.૧૫,૦૦૦ તેમજ સ્વીફ્ટ ગાડીની કિંમત રૂા.૩,૦૦,૦૦૦ એમ કુલ મળી દેવગઢ બારીઆ પોલીસે રૂા.૨૭,૬૦,૩૦૦ નો મુદ્દામાલ કબજે લઈ ઉપરોકત ત્રણેય વ્યકિતઓ વિરૂદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮ (સી), ૧૮(સી), ૨૯ મુજબ ફરિયાદ, ગુનો તેમજ પંચનામું વિગેરેના કાગળો તૈયાર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.